વંચાણે લીધા :

(૧) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૫૦/૧૮, તા.૨૬/૧૨/૧૮

(૨) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૧/૧૮, તા.૨૬/૯/૧૮

**જાહેરનામું**

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૦૨ /૨૦૧૯, તા. ૭ /૦૧/૨૦૧૯**

હું, એ.કે.સિંઘ IPS,પોલીસ કમિશ્નર,અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં ખોખરા-અનુપમ રેલ્વે ઓવર બ્રીજ નવેસરથી બનાવવાની કામગીરી અંતર્ગત તા.૧૮/૦૬/૨૦૨૦ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં ખોખરા-અનુપમ રેલ્વે ઓવર બ્રીજ આશરે ૫૦ વર્ષ જુનો હોઇ તથા તેનો ડીઝાઇન સમય પુરો થઇ ગયેલ હોઇ સદર બ્રીજની હાલની પરિસ્થિતીને ધ્યાને લઇ રેલ્વે ઓથોરીટી દ્વારા રેલ્વે પોર્શનમાં ૯૨ મીટર લંબાઇમાં બ્રીજ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. જેમા હયાત અનુપમ બ્રીજ બાજુના કોલમ બીમ, સ્લેબ પ્રકારના સ્ટ્રક્ચર થી લેન ડીસમેન્ટલ કરી 2x2 ફોર લેનનો એપ્રોચબ્રીજ, અનુપમ તરફ ૨૭૦ મીટર એપરલપાર્કના ગેટ સુધી લંબાવવા તથા ૧૩૫-મીટરની લંબાઇ તથા ૫-મીટરની પહોળાઇમાં એક વીંગ ગોમતીપુર તરફ નવેસરથી બનાવવાનું કામ શરુ કરવામાં આવનાર હોઇ સદર અનુપમ બ્રીજના પુર્વ છેડે (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૦૭૧૮૮,૭૨.૬૦૬૮૭૭) થી પશ્ચિમ છેડા (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૦૭૮૯૫, ૭૨.૬૦૬૮૭૭) એમ બન્ને તરફ બેરીકેડીંગ કરી તમામ પ્રકારના વાહન વ્યવહાર (ટ્રાફિક-જાહેરજનતા) માટે તા.૧૮/૦૬/૨૦૨૦ સુધી બંધ રહેશે.

આ ઉપરાંત નાથાલાલ ઝગડા બ્રીજ, સારંગપુર બ્રીજ અને કાલુપુર બ્રીજ ઉપર આમુખ (૨) થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામા મુજબ શહેરમાં અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે તેવા તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમજ નાથાલાલ ઝગડા બ્રીજ ઉપર એ.એમ.ટી.એસ.બસો અને એસ.ટી.બસોની અવર-જવર માટે પણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમજ નાથાલાલ ઝગડા બ્રીજ, સારંગપુર બ્રીજ અને કાલુપુર બ્રીજ ઉપર ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર અને મોટર કાર, જીપ પ્રકારના વાહનો જ અવર-જવર કરી શકશે તે સિવાયના તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

જેની અવેજીમાં જાહેરજનતાએ તથા વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ ઉપરથી અવર-જવર કરવાની રહેશે.

**વૈકલ્પીક રૂટ :-**

**(૧)** ગીતા મંદિર એસ.ટી. સ્ટેન્ડથી ઉપડતી તમામ બસો એસ.ટી. સ્ટેન્ડથી ઉપડયા બાદ જમાલપુર બ્રીજની નીચે થઇ બહેરામપુરા થઇ દાણીલીમડા ચાર રસ્તા થઇ નારોલ સર્કલ થઇ ઇસનપુર થઇ સી.ટી.એમ. થઇ એક્ષપ્રેસ હાઇવે તરફ અવર-જવર કરી શકશે.

**(૨)** કપડવંજ, બાલાસિનોર તરફ જતી તમામ એસ.ટી. બસો ગીતા મંદિર એસ.ટી. સ્ટેન્ડથી ઉપડી જમાલપુર બ્રીજની નીચે થઇ બહેરામપુરા થઇ દાણીલીમડા ચાર રસ્તા થઇ નારોલ સર્કલ થઇ ઇસનપુર થઇ

Scanned by CamScanner

સી.ટી.એમ. થઇ રાજેન્દ્ર પાર્ક થઇ સોનીની ચાલી થઇ યુ ટર્ન લઇ જમણી બાજુ વળી ઓઢવ થઇ કપડવંજ બાલાસિનોર હાઈવે રોડ તરફ અવર–જવર કરી શકશે.

**(૩)** નાથાલાલ ઝઘડા બ્રીજ ઉપર જતી આવતી એ.એમ.ટી.એસ. બસો અને એસ.ટી. બસો જેઓને રૂટ આપેલ છે તે બંધ કરવામાં આવે છે અને તેઓને મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડથી ઉપડતી બસો જેઓનો રૂટ નાથાલાલ ઝઘડીયા બ્રીજ ઉપરથી આપવામાં આવેલ છે તે તમામ બસો એ.એમ.ટી.એસ. સ્ટેન્ડથી ઉપડયા પછી દક્ષીણી થઇ આવકાર હોલ થઇ ગુરૂજી બ્રીજ થઇ હાટકેશ્વર સર્કલ થઇ જઇ શકે છે અને સામેથી આવતી (પરત આવતી) બસ ગુરૂજી બ્રીજ થઇ આવકાર હોલ થઇ સુખીપુરા ચાર રસ્તા થઇ જયહિંદ ચાર રસ્તા થઇ સ્વામીનારાયણ મંદિર થઇ ડાબી બાજુ વળી મણીનગર રેલ્વે સ્ટેશન સુધી આવી શકશે.

આ જાહેરનામાનો અમલ જાહેરનામુ પ્રસિદ્ધ થયેથી તા.૧૮/૦૬/૨૦૨૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૭ /૦૧/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police
Ahmedabad

તા.૭ /૦૧/૨૦૧૯
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
 ૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
 રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
 રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
 ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
 ૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર

Scanned by CamScanner

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ......................................... અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.
(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર
(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર
(૯) ડાયરેકટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર

Scanned by CamScanner